# પુણા પોલીસ સ્ટેશન, સુરત શહેર

સરનામું:-પુણા કુંભારિયા રોડ, સુરત કડોદરા રોડ, સુરત -૩૯૫૦૧૦
સંપર્ક નંબર – ૦૨૬૧૨૬૪૦૫૦૦

## ઘરફોડ ચોરી કરતા આરોપીને પકડી પાડતી પુણા સર્વેલન્સ સ્ટાફ

મે ઇન્ચાર્જ નાયબ પોલીસ કમિશ્નર સાહેબ, ઝોન–૨ સાહેબશ્રી નાઓની તથા મે. મદદનીશ પોલીસ કમિશનર “સી” ડીવીઝન સાહેબશ્રીનાઓની સુચનાઓથી અને માર્ગદર્શન હેઠળ, પુણા પોલીસ ઇન્સપેકટરશ્રી એમ.વી.કિકાણી નાઓની આગેવાની હેઠળ, પો.સ્ટે. વિસ્તારમા ઘરફોડ ચોરી કરતા ચોર ઇસમોને પકડી પાડવા સારૂ પો.સબ.ઇન્સ.આર.એચ.મારુ તથા સ્ટાફનાં માણસો સાથે પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન સાથેના અ.પો.કો.ગોકુળ કાનજીભાઇ બ.નં.૨૨૦૧ તથા અ.પો.કો. વનરાજસિહ કાળુભા બં.નં. ૯૦૪ નાઓએ તેઓના અંગત બાતમીદાર મારફતે સંયુક્ત બાતમી હકીકત મળેલ કે, તા.૧૨/૦૬/૨૦૧૯ ના રોજ પુણા સીતારામનગરમાં થયેલ ઘરફોડ ચોરીનો આરોપી જે સીતાનગર ચાર રસ્તા નીચે ચોરીના મુદ્દામાલ સાથે આવનાર છે.” તેવી પાક્કી બાતમી હકીકત આધારે ઉપરોક્ત વર્ણનવાળો ઇસમને સીતાનગર ચાર રસ્તા પાસેથી પકડી પાડી અશ્વીન ધીરુભાઇ હડીયા ઉ.વ.૨૧ રહે. ૪૨, શ્રીદર્શન બંગ્લોઝ દેવધગામ, લિંબાયત, સુરત શહેરવાળાને ચોરીમાં ગયેલ ચાંદીના સાંકળા સાથે પકડી પાડી (૧) “પુણા પો.સ્ટે.ફસ્ટ ગુના રજી. નં.૨૩૧/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૮૦ તથા (૨) પુણા પો.સ્ટે.ફસ્ટ ગુના રજી. નં.૨૪૦/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૮૦, ૪૫૪ મુજબના ગુનાના કામે અટક કરવામાં આવેલ છે. તેમજ સદર ગુન્હાઓની તપાસ પો.સ.ઇ. શ્રી વી.જે ચાવડા નાઓ કરે છે. ડીટેક્ટ કરેલ ગુન્હા (૧) પુણા પો.સ્ટે. ફસ્ટ ગુના રજી. નં.૨૩૧/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૮૦ મુજબનો ઘરફોડ ચોરીનો ગુન્હો ડીટેક્ટ કરેલ છે. (૨) પુણા પો.સ્ટે.ફસ્ટ ગુના રજી. નં.૨૪૦/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૮૦,૪૫૪ મુજબનો ઘરફોડ ચોરીનો ગુન્હો ડીટેક્ટ કરેલ છે.